**1. નીચેનાં તત્ત્વોને સાચી પરમાણ્વીય ત્રિજ્યા પ્રમાણે ગોઠવો.**

| તત્ત્વો | પરમાણ્વીય ત્રિજ્યા (pm) |
|---|---|
| Be | 74 |
| C | 88 |
| O | 111 |
| B | 77 |
| N | 66 |

➠ દર્શાવિલા બધાં જ તત્ત્વો 2જા આવર્તમાં આવેલાં છે.

➠ કેન્દ્રની પરમાણ્વીય ત્રિજ્યા તત્ત્વના પરમાણુ કેન્દ્રના મધ્યભાગથી ઇલેક્ટ્રૉન વાદળની ઘનતા સુધી વિસ્તરેલ છે, જ્યાં ઇલેક્ટ્રૉન સંભાવના મહત્તમ છે.

➠ (i) આપેલ બધા તત્ત્વો એક જ (2જા) આવર્તનાં છે અને (ii) આવર્તમાં ડાબી બાજુથી જમણી બાજુ તરફ જતાં પરમાણ્વીય ત્રિજ્યામાં ઘટાડો થાય છે કારણ કે અસરકારક કેન્દ્રીય વીજભારમાં વધારો થાય છે. આથી પરમાણ્વીય ત્રિજ્યાનો ક્રમ

O < N C < B < Be

➠ [Be = 11 pm], [O = 66 pm], [C = 77 pm], [B = 88 pm], [N = 74 pm]

**2. નીચે દર્શાવેલ તત્ત્વોની આયનીકરણ એન્થાલ્પી અને ઇલેક્ટ્રૉન પ્રાપ્તિ એન્થાલ્પીના મૂલ્યોની સરખામણી કરો.**

| તત્ત્વો | | $\Delta H_1$ | $\Delta H_2$ | $\Delta_{eg}H$ |
|---|---|---|---|---|
| (i) સૌથી વધુ સક્રિય અધાતુ | (A) | 419 | 3051 | –48 |
| (ii) સૌથી વધુ સક્રિય ધાતુ | (B) | 1681 | 3374 | –328 |
| (iii) લઘુતમ સક્રિયતા ધરાવતું તત્ત્વ | (C) | 738 | 1451 | –40 |
| (iv) ધાતુ બનાવતા દ્વિહેલાઇડ | (D) | 2372 | 5251 | +48 |

➠ (i) સૌથી વધુ ક્રિયાશીલ અધાતુઓ નીચે દર્શાવેલ ઊંચા મૂલ્યો ધરાવે છે.

➠ $\Delta_i H$, $\Delta_i H_2$ અને લઘુતમ ઋણભારીય $\Delta eg$ H. આથી B તત્ત્વને લાગુ પડે છે.

➠ (ii) સૌથી વધુ ક્રિયાશીલ ધાતુઓના $\Delta_i$ $H_1$નું મૂલ્ય સૌથી નીચું છે અને $\Delta H_2$નું મૂલ્ય સૌથી ઊંચું છે કારણ કે 2જા ઇલેક્ટ્રૉન નિષ્ક્રિય વાયુના ઇલેક્ટ્રૉનીય બંધારણમાંથી અલગ પડે છે. તેનું $\Delta_{eg}$Hનું મૂલ્ય (–) છે. આથી તત્ત્વ A છે.

➠ (iii) નિષ્ક્રિય વાયુઓ ગુણધર્મ પ્રમાણે નિષ્ક્રિય છે. તેથી તેઓની ક્રિયાશીલતા લઘુતમ છે. આ તત્ત્વો માટે $\Delta_i H_1$ અને $\Delta_1 H_2$નાં મૂલ્યો ઘણાં જ ઊંચાં છે અને $\Delta_{eg}$Hનું મૂલ્ય (+) છે. આથી D તત્ત્વ હોઈ શકે છે.

➠ (iv) દ્વિહેલાઇડ સંયોજનો બનાવતી ધાતુઓ આલ્કલાઇન અર્થ ધાતુઓ છે. આનાં $\Delta_i H_1$ અને $\Delta_i H_2$ના મૂલ્ય ક્રિયાશીલ ધાતુઓ કરતાં થોડાંક ઊંચાં (A જેવાં) તદ્ઉપરાંત તેઓનું $\Delta_{eg}$Hનું મૂલ્ય સરખામણીમાં થોડુંક નીચું છે. આ તત્ત્વ 'C' છે.

**3. કૉલમ-Iમાં કેટલાંક તત્ત્વોનું ઇલેક્ટ્રૉનીય બંધારણ અને કૉલમ-IIમાં ઇલેક્ટ્રૉન પ્રાપ્તિ એન્થાલ્પીનાં મૂલ્યો દર્શાવેલ છે. આ મૂલ્યોની યોગ્ય રીતે સરખામણી કરો : ઇલેક્ટ્રૉનીય બંધારણ સાથે ઇલેક્ટ્રૉન પ્રાપ્તિ એન્થાલ્પી જોડો.**

| કૉલમ-I ઇલેક્ટ્રૉનીય બંધારણ | કૉલમ-II ઇલેક્ટ્રૉન પ્રાપ્તિ એન્થાલ્પી/કિ.જૂલ-મોલ$^{-1}$ |
|---|---|
| (A) $1s^2\ 2s^2\ 2p^6$ | – 53 |
| (B) $1s^2\ 2s^2\ 3s^1$ | – 328 |
| (C) $1s^2\ 2s^2\ 2p^5$ | – 141 |
| (D) $1s^2\ 2s^2\ 2p^4$ | + 53 |

➠ **(A – 4) (B – 1) (C – 2) (D – 3)**

➠ (A) આ ઇલેક્ટ્રૉનીય બંધારણ નિષ્ક્રિય વાયુઓને લાગુ પડે છે. દા.ત. નિયૉન (Neon) નિષ્ક્રિય વાયુઓ$\Delta_{eg}H$ મૂલ્ય ધરાવે છે. આથી આર્ગોન (A)નું ઇલેક્ટ્રૉનીય બંધારણ $\Delta_{eg}H$ = + 48 કિ.જૂલ પ્રતિ મોલ.

(B) આ ઇલેક્ટ્રૉનીય બંધારણ આલ્કલી ધાતુ તત્ત્વો K સાથે સંબંધ ધરાવે છે. આલ્કલી ધાતુઓ ઋણ $\Delta_{eg}H$નું અલ્પ મૂલ્ય ધરાવે છે. આથી Bનું ઇલેક્ટ્રૉનીય બંધારણ $\Delta_{eg}H$ = – 53 કિ.જૂલ-મોલ$^{-1}$ છે.

(C) આ ઇલેક્ટ્રૉન બંધારણ હેલોજન તત્ત્વ F સાથે સંબંધ ધરાવે છે. હેલોજન તત્ત્વનું $\Delta_{eg}H$નું ઊંચું મૂલ્ય ધરાવે છે. એટલે કે (C)નું ઇલેક્ટ્રૉનીય બંધારણ $\Delta_{eg}H$ = – 328 કિ.જૂલ-મોલ$^{-1}$ છે.

(D) આ ઇલેક્ટ્રૉનીય બંધારણ ચાલ્કોજન (દા.ત. ઑક્સિજન) સાથે સંબંધિત છે. ચાલ્કોજન તત્ત્વોનું $\Delta_{eg}H$ મૂલ્ય હેલોજન તત્ત્વો કરતાં ઓછું ઋણ છે.

➠ આથી Dનું ઇલેક્ટ્રૉનીય બંધારણ $\Delta_{eg}H$ = – 141 કિ.જૂલ-મોલ$^{-1}$ છે.